# શ્રી સત્તાવીસ એકડા જૈન યુવક મંડળ (ગુજરાત),
## અને
# શ્રી ચીમનલાલ નગીનદાસ સમાજકલ્યાણ ટ્રસ્ટ

**સુજ્ઞ જ્ઞાતિબંધુશ્રી,**

શ્રી સત્તાવીસ એકડા જૈન સમાજના અગ્રગણ્ય વડીલ **સ્વ. શ્રી ચીમનલાલ નગીનદાસ શાહ** (ગામ-વરસોડા) જેઓએ તેમના જીવનકાળ દરમ્યાન આપણા સમાજ માટે સામાજિક, શૈક્ષણિક અને તબીબી ક્ષેત્રે ઘણા સદ્ઉપયોગી કાર્યો કરેલ છે. તેમજ તેઓશ્રીના સુપુત્ર અને આપણા શ્રી સત્તાવીસ એકડા સેવા સમાજ, સાબરમતીના લાડીલા **પ્રમુખ સ્વ. ડૉ. પરેશભાઈ ચીમનલાલ શાહ** પણ સાબરમતીમાં સમાજ ઉપયોગી પ્રવૃત્તિ માં કાર્યરત હતા.

આ પરંપરાને આગળ ધપાવતાં **શ્રી ચીમનલાલ નગીનદાસ સમાજકલ્યાણ ટ્રસ્ટ** તથા **શ્રી સત્તાવીસ એકડા જૈન યુવક મંડળ** ના સહયોગથી સ્વ. શ્રી ડૉ. પરેશ સી. શાહના જન્મદિવસ ૧૫ ઓગસ્ટના રોજ **" પરેશ આરોગ્યમ્ "** પરિયોજના ની શુભ શરૂઆત કરવામાં આવનાર છે.

આ પરિયોજનાના શુભારંભ નિમિત્તે **તા. ૧૫-૮-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે કલાસૃષ્ટિ હોલ,** કેનરાબેંકની બાજુમાં, રામનગર, સાબરમતી ખાતે એક સમારંભનું આયોજન કરેલ છે. **આપશ્રીને પધારવા હાર્દિક નિમંત્રણ છે.**

**" પરેશ આરોગ્યમ્ "** અંતર્ગત શ્રી સત્તાવીસ એકડા જૈન યુવક મંડળના દરેક સભ્ય તથા તેમના કુટુંબીજનો **પંચશીલ હોસ્પિટલ, રામનગર, સાબરમતી** ખાતે તબીબી સારવારનો લાભ લઈ શકશે.

**" પરેશ આરોગ્યમ્ "** પરિયોજના અંતર્ગત દરેક કુટુંબને એક **હેલ્થ કાર્ડ** પંચશીલ હોસ્પિટલ તરફથી આપવામાં આવશે. જેની સમય મર્યાદા ૩ (ત્રણ) વર્ષની રહેશે. હેલ્થ કાર્ડ માં કોઈ સુધારા-વધારાની જરૂર હોય તો સાથે આપેલ ફોર્મ સ્વચ્છ અક્ષરે વિગત ભરી મોકલી આપવા વિનંતી.

**આ હેલ્થ કાર્ડ ધરાવનાર કુટુંબને પંચશીલ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન નીચે જણાવેલ સુવિધામાં ૨૦ % ની રાહત આપવામાં આવશે.**

(૧) હોસ્પિટલમાં દાખલ બીલ - આઈ.સી.યુ. સહિત
(૨) લેબોરેટરી તથા અન્ય ટેસ્ટ
(૩) રેડીયોલોજી જેવા કે એક્સ-રે, સોનોગ્રાફી, ઈકો વિગેરે.
(૪) ઓ.પી. ડી.
(૫) મેડીક્લેઈમ (રીઈમ્બર્સમેન્ટ) બીલ
(૬) ડેન્ટલ (દાંતના રોગો)

**નીચે જણાવેલ વિગતોમાં તેનો લાભ આપી શકાશે નહીં તેની નોંધ લેવા વિનંતી છે.**

(૧) દવાઓ
(૨) હોસ્પિટલ બહારથી અપાતી સુવિધાઓ જેમ કે ઈમ્પ્લાન્ટ, એરબેડ, પ્રેશર પંપ, તથા અન્ય તપાસ જેમ કે એમ. આર. આઈ., સીટી સ્કેન વિ.
(૪) મેડીક્લેઈમ (કેશલેસ)

**દરેક સભ્યએ સારવાર દરમ્યાન હેલ્થ કાર્ડ લઇ આવવા વિનંતી.**

લી. સ્નેહાધીન

**શ્રી સંદીપ ડી. શાહ**
(પ્રમુખ શ્રી)
શ્રી સત્તાવીસ એકડા જૈન યુવક મંડળ

**ડૉ. વિપુલ ડી. શાહ**
(પ્રમુખ શ્રી)
શ્રી સત્તાવીસ એકડા સેવા સમાજ, સાબરમતી

**"પરેશ આરોગ્યમ્" - સ્વસ્થ પરિવાર...., સ્વસ્થ સમાજ....**